# પાલનપુરમા પાણી માટે વલખા મારતા વોર્ડ નંબર ૧૧ના આંબાવાડીના રહીશોએ માટલા ફોડી વિરોધ દર્શાવ્યો

### શ્રમજીવી લોકોને મજૂરીના પૈસાથી પાણીનું ટેન્કર લાવવાની ફરજ પડી...



પાલનપુર તા.૨૩

બનાસકાંઠા જીલ્લામા ઉનાળાની સિઝનમા અનેક ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણી માટે લોકો વલખા મારવા પડી રહ્યા છે. જે વચ્ચે જિલ્લાના મુખ્ય મથક પાલનપુરમાં પણ પાલિકાના વોર્ડ નંબર ૧૧ ના ગણેશપુરા ના આંબાવાડી વિસ્તારમાં પાણીનો પોકાર ઊભો થયો છે .આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ શ્રી ગણપતલાલ કે. જોષી પાલનપુર અહેવાલ વધુમાં જણાવેલ છે કે ,આ વિસ્તારમાં છેલ્લા ઘણા સમય થી પાણી ન મળતા અને પાણીની સમસ્યાનો કોઈ ઉકેલ ન આવતા આખરે સ્થાનિકો રસ્તા પર ઉતર્યા હતા અને માટલા ફોડીને પાલીકા પ્રત્યે વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

પાલનપુર નગપાલિકાના વોર્ડ નંબર અગિયારમા આવેલ ગણેશપુરા આંબાવાડી વિસ્તારમાં શ્રમજીવી લોકો વસવાટ કરી રહ્યાં છે .જોકે આ સ્લમ વિસ્તારમાં છેલ્લા કેટલાય સમયથી પીવાનું પાણી ન મળતા સ્થાનિકો દ્વારા પાણીની સમસ્યાનો ઉકેલ લાવવા સ્થાનિકો નગર સેવકો અને નગર પાલિકામાં અનેકવાર રજૂઆતો કરવામાં આવી છે તેમ છતાં સમસ્યાનો ઉકેલ ન આવતા પાણી માટે વલખા મારી રહેલા લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે.

જોકે હાલ ઉનાળાની કાળઝાળ ગરમી માં કાળી મજૂરી કરીને કમાણી રળતા લોકોને પરસેવાની કમાણીના પૈસા પાણી મેળવવા ટેક્રર પાછળ ખર્ચવાની નોબત આવતા આખરે રોષે ભરાયેલા લોકો રસ્તા પર ઉતરી ઘરમાં રહેલા ખાલી માટલા રસ્તા પર ફોડી વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

અને વહેલી તકે પાલિકા દ્વારા વિસ્તારમાં પીવાનું પાણી પહોંચાડે તેવી માંગ કરી હતી . જો આ વિસ્તારમાં પાણીની સમસ્યાનો સત્વરે કાયમી ઉકેલ લાવવા માં નહિ આવે તો ના છૂટકે સ્થાનિકો દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારવાંમાં આવી હતી .

#### મજૂરીના પૈસા પાણીના ટેક્રર પાછળ ખર્ચ કરવા પડી રહ્યા છે ...

પાણીની સમસ્યા વેઠી રહેલા આંબાવાડીમાં સ્થાનિક રમેશભાઈ દેવીપૂજકે જણાવ્યું હતું કે, અમે શ્રમજીવી પરિવારો છીએ મજૂરી કરી પેટીયુ રળીયે છીએ પાલિકાની ઘોર બેદરકારીને કારણે અમારા વિસ્તારમાં પાણી ન મળતા અમારે કાળી મજૂરીના પૈસા ખર્ચીને પાણી માટે ટેક્રર લાવવાની ફરજ પડી રહી છે.

### પોલીસે હિટ એન્ડ રનમાં માલેતુજાર ઘરના નબીરાને છવરવાનો પરિવારજનોનો આરોપ

# ખેડબ્રહ્માના પેટ્રોલ પંપ નજીક પૂરઝડપે દોડતી કારે બાઈકને ફંગોળતાં ૨ નાં મોત

### વિજ કચેરીના મહિલા અધિકારી, તેમના પુત્રનું મોત, પતિની હાલત ગંભીર : પોલીસ સામે અતિગંભીર આરોપથી સમગ્ર શહેરમાં સનસનાટી

બાયડ, તા.૨૩

ખેડબ્રહ્માના પેટ્રોલ પંપ નજીક ગત રાત્રે પૂરઝડપે દોડતી કારના ચાલકે બાઈકને ટક્કર મારી હવામાં ફંગોળતાં બાઈક પર મુસાફરી કરી રહેલ વિજ કચેરીના મહિલા અધિકારી, તેમના પુત્રનું ગંભીર ઈજાથી કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. જ્યારે પતિને ગંભીર હાલતમાં સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અકસ્માત સર્જનાર કારમાંથી વિદેશી શરાબની બોટલો મળવાની સાથે પોલીસે હિટ એન્ડ રનની ગંભીર ઘટનામાં માલેતૂજાર ઘરના નબીરાને છાવર્યાના ગંભીર આરોપ પોલીસ ઉપર લગાવતાં સમગ્ર શહેરમાં સનસનાટી મચી ગઈ છે. પ્રાપ્ત જાણકારી અનુસાર ખેડબ્રહ્માના પારસભાઈ પ્રજાપતિ, તેમનાં પત્નિ દર્શનાબેન અને ચાલુ વર્ષે ધો.૧૦ની બોર્ડ પરીક્ષા આપનાર તેમનો પુત્ર શિવમ બાઈક લઈને ગત રાત્રે પેટ્રોલ પુરાવવા માટે ગયા હતા અને પેટ્રોલ પુરાવી બહાર નિકળ્યા તે સમયે પૂરઝડપે આવતી હોન્ડા કાર(નં.જી.જે.૨૩-સીએ-૬૩૮૭)ના ચાલકે બાઈકને ટક્કર મારતાં ત્રણેય જણ રોડ ઉપર પટકાઈ પડ્યા હતા. જેમાં ખેડબ્રહ્મા જી.ઈ.બી. કચેરીમાં ફરજ બજાવતા દર્શનાબેન પ્રજાપતિ અને તેમના દિકરા







શિવમ પ્રજાપતિનું ઘટના સ્થળે મોત નિપજવાની સાથે બાઈકનો કચ્ચરઘાણ વળી ગયો હતો. જયારે ચાલક પારસભાઈ પ્રજાપતિને ગંભીર ઈજા પહોંચતાં તાબડતોબ સ્થાનિક કક્ષાએ સારવાર આપવામાં આવી હતી પરંતુ હાલત વધુ ગંભીર જણાતાં વધુ સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે જ્યાં હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું છે. બનાવ અંગે ખેડબ્રહ્મા પોલીસે કારચાલક પાવક સચિનભાઈ જોષી(રહે. પુષ્પકુંજ સોસાયટી, ખેડબ્રહ્મા) વિરુદ્ધ બેદરકારીથી વાહન હંકારવાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

#### પૂરઝડપે અકસ્માત સર્જાયા પછી કાર ઉંધી વળી

ખેડબ્રહ્માના એન.એમ. પેટ્રોલ પંપ પાસે ગત રાત્રે હોન્ડસીટી કારના ચાલકે બાઈકને હડફેટે લઈ બે જણના મોત નિપજાવ્યા પછી કારચાલકે પણ વાહન પરનો કાબુ ગુમાવતાં કાર ઉંધી વળ્યાનું જાણવા મળ્યું છે. મૃતકના પરિવારોએ જણાવ્યું કે કાર ૧૨૦ થી વધુની સ્પીડથી દોડી રહી હતી. જેથી કારચાલક અને તેની સ્પીડ બાબતે પણ ન્યાયિક તપાસ થવી જોઈએ.

#### પૂરઝડપે અકસ્માત સર્જાયા પછી કાર ઉંધી વળી

ખેડબ્રહ્માના એન.એમ. પેટ્રોલ પંપ પાસે ગત રાત્રે હોન્ડસીટી કારના ચાલકે બાઈકને હડફેટે લઈ બે જણના મોત નિપજાવ્યા પછી કારચાલકે પણ વાહન પરનો કાબુ ગુમાવતાં કાર ઉંધી વળ્યાનું જાણવા મળ્યું છે. મૃતકના પરિવારોએ જણાવ્યું કે કાર ૧૨૦ થી વધુની સ્પીડથી દોડી રહી હતી. જેથી કારચાલક અને તેની સ્પીડ બાબતે પણ ન્યાયિક તપાસ થવી જોઈએ.

#### ધો.૧૦ની પરિણામ આવે તે પહેલાં શિવમ્‌ની વિદાય

ગત રોજ ખેડબ્રહ્મામાં કારની ટક્કરે બાઈક ઉપર સવાર માતા-પુત્રના મોતથી સમગ્ર વિસ્તારમાં શોક છવાયો છે ત્યારે જાણવા મળ્યા મુજબ ગત માર્ચમાં લેવાયેલ ધો.૧૦ બોર્ડની પરીક્ષાનું પરિણામ હવે જાહેર થવાનું છે જેમાં મૃતક શિવમ્ પ્રજાપતિએ પણ બોર્ડની પરીક્ષા આપી હતી અને પરિણામની ચાતક નજરથી રાહ જોવાતી હતી પરંતુ કુદરતને કંઈક અલગ જ મંજૂર હોય તેવી સ્થિતિ જોવા મળી.

#### કારમાંથી દારુની બોટલો, પોલીસે આરોપીઓને છાવર્યાના ગંભીર આરોપ

મૃતકના ભાઈ નિરંજન પ્રજાપતિએ જણાવ્યું કે ગત રોજ અંદાજીત ૧૦૦ થી ૧૨૦ની ઝડપે દોડતી કારના ચાલકે બાઈકને ટક્કર મારતાં ભાભી અને તેમના દિકરાનું મોત નિપજયું છે. જ્યારે કાકાને ગંભીર ઈજા પહોંચતાં હોસ્પિટલમાં ખસેડાયા છે. કારમાંથી દારુની બોટલો મળી હોવા છતાં પોલીસે આરોપીઓને છાવર્યાના ગંભીર આરોપ લગાવ્યા છે. જ્યારે કારમાં ચાલક પાવક સચિનભાઈ જોષી ઉપરાંત અન્ય ૨ થી ૩ ઈસમો હતો જેને લોકો સોહમ ત્રિવેદી, મિત ચૌહાણ તરીકે ઓળખે છે તથા ત્રીજા ઈસમનું નામ મને ખબર ન હોવાનું પણ જણાવ્યું છે.

# હડાદ-અંબાજી હાઈવે ઉપર ચાર વાહનો વચ્ચે અકસ્માત સર્જાયો

### સદનસીબે જાનહાની ટળી પણ વાહનોને નુકશાન

ડીસા, તા. ૨૩

દાંતા તાલુકામાં મોટા ભાગનો માર્ગ પહાડી અને ઢળાવ વિસ્તાર હોવાના કારણે અવાર નવાર માર્ગ અકસ્માતો સર્જાતા હોય છે. ત્યારે હડાદથી અંબાજી તરફ આવી રહેલી પોલીસની ગાડીઓ સહિત એક સાથે ચાર ગાડીઓ અથડાતા વધુ એક અકસ્માત સર્જાયો હતો. હડાદથી અંબાજી તરફ આવી રહેલી પોલીસની ગાડીઓનો આજે અકસ્માત સર્જાયો હતો. હડાદ અંબાજી હાઈવે માર્ગ વચ્ચે આવેલા રાણપુર આંબા નજીક અકસ્માતની ઘટના બની હતી. અકસ્માતમાં ત્રણ ગાડીઓ ઉપર



પોલીસ લખેલુ હતું. અકસ્માતમાં સદનસીબે મોટી જાનહાની ટળી હતી. માર્ગ પર ચાલતા ૨ બાળકોને ઈજાઓ પહોંચી હતી.જેમને ૧૦૮ મારફતે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. હડાદથી અંબાજી તરફ આવતી પોલીસ ગાડી પાછળ બે ગાડીઓ ટ્રોઈંગ કરેલી હતી. જેમાંથી એક ગાડી છૂટી પડી જતા સામેથી આવતી ગાડીને અથડાતા સમગ્ર અકસ્માતની ઘટના બની હતી. આ અકસ્માતમાં ચાર ગાડીઓ એક સાથે અકસ્માતનો ભોગ બની હતી.જેથી ગાડીઓને નુકશાન થયું હતું પણ સદનસીબે જાનહાની ટળી હતી.




ચિત્રીણી ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સીંગ કોલેજ તલોદના સ્ટાફ તથા ૧૧૦ જેટલા બી.એસ.સી. નર્સીંગ તથા જી.એન.એમ. સ્ટુડન્ટ તેમજ આરોગ્ય વિભાગના અધિકારીશ્રીઓ/ કર્મચારીઓ ધ્વારા બેનર પોસ્ટર તથા પ્લે કાર્ડ મારફતે સમાજમાં માસિક સ્વછતા અંગે જન જાગૃતિ આવે તે માટે વિશ્વ માસિક સ્વચ્છતા દિવસ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

# પાલનપુરમાં મકાનના રીનોવેશનના સર સામાનની ચોરી થઈ....!!!!

### મકાનમાં પડેલ રૂ.૪૪ હજારની કિંમતનો સામાન અજાણ્યો તસ્કર ઉઠાવી ગયો : મકાન માલિક ગૃહસ્થે ચોરી અંગે પોલીસ ફરિયાદ નોંધાવી

પાલનપુરમાં એગોલા રોડ પર આવેલ એક સોસાયટીમાં રહેતા ગૃહસ્થના બંધ મકાનમાં પડેલ મકાન રીનોવેશનના સર સામાનની કોઈ અજાણ્યો તસ્કર ચોરી કરી જતા મકાન માલિક ગૃહસ્થે રૂ.૪૪ હજારના મુદ્દામાલ ની ચોરી અંગે શહેર પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ દાખલ કરાવી છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે , પાલનપુરમાં એગોલા રોડ પર આવેલ ગોલ્ડન પાર્ક સોસાયટીમાં ભાનુપ્રસાદ શંકરલાલ મેવાડાના મકાન નું એક માસ થી રીનોવેશન નું કામ ચાલુ હતું જોકે ગત સોમવારના કારીગર આવ્યા ન હોય કામ બંધ હોય તે સમયે મકાન પડેલ રસોડા નો સામન,લોખંડ તેમજ લાકડાના દરવાજા,પાંચ પીવીસી પાઈપ,૧૧ પાણીના નળ કડિયા નો સામન મળી રૂ.૪૪ હજારની કિંમતના સર સામાનની કોઈ અજાણ્યો તસ્કર ચોરી કરી ગયો હોવાનું માલુમ પડતાં મકાન માલિકે ચોરીના બનાવ અંગે પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે મકાન રીનોવેશ ના સામાન ની ચોરી કરનાર અજાણ્યા તસ્કર નું પગેરું મેળવવા ની તજવીજ હાથ ધરી છે.

# પાલનપુરમાં વીજલાઈન ન હટાવતાં વોર્ડ નંબર ૩ નાળાનું કામ ત્રણ મહિનાથી અધુરું

### ગાયત્રી વ્હોળામાં બનાવાયેલું નાળુ અધૂરું હોવાથી હાલાકી

પાલનપુર તા.૨૩

પાલનપુર નગરપાલિકા દ્વારા ગાયત્રી વ્હોળામાં વોર્ડ નંબર ત્રણમાં બનાવાયેલું નાળુ અધૂરું હોવાથી સ્થાનિક લોકોમાં રોષ છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, પાલિકાએ જણાવ્યું કે વીજ કંપની દ્વારા વીજ પોલ ન હટાવતા બંને સાઈડના કામ અધૂરા છે. વીજ લાઈન હટી ગયા બાદ કામગીરી શરૂ કરાશે. અહીના વોર્ડ નંબર ત્રણના શ્રીરામ ટેકરા વિસ્તાર પાછળ ગાયત્રીનગરમાં છેલ્લા ત્રણેક માસથી નાળાનું કામ અધૂરું છે.અહી કેટલાક લોકોના ઘરની આગળ ખાડો ખોદેલો હોવાના કારણે ઘરમાં પ્રવેશ કરવો મુશ્કેલ બની ગયો છે. ખોદાયેલ ગટરના કારણે અને ગટરના ગંદા પાણીના કારણે મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. તેના કારણે સ્થાનિકો રોગચાળાની ભીતી સેવી રહ્યા છે. આ કામ જલદી પૂર્ણ થાય એવી સ્થાનિક લોકોની માંગ છે.



# ભિલોડાથી અમદાવાદ રૂટની નવિન એક્સ્ટ્રા ૨×૨ મીની એસ.ટી.બસનું લોકાર્પણ

### ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ મુકેશભાઈ ત્રિવેદીના વરદ્ હસ્તે કરાયું : મુસાફરોમાં આનંદની લાગણી પ્રસરી




ભિલોડા,તા.૨૩

હિમતનગર એસ.ટી.વિભાગના ભિલોડા એસ.ટી. ડેપો ખાતે નવીન મીની એસ.ટી.બસ ફળવાતા મુસાફરોમાં આનંદની લાગણી પ્રસરી છે.ભિલોડા થી અમદાવાદ રૂટ ની બપોરે ૧૨ કલાકે મીની એસ.ટી એક્સપ્રેસ એક્સ્ટ્રા એસ.ટી બસ નું લોકાર્પણ ભિલોડા ગ્રામ પંચાયતના સરપંચ મુકેશભાઈ પી. ત્રિવેદીના વરદ્ હસ્તે કુંમકુંમ તિલક કરીને ફુલહાર થી વધાવી પ્રસ્થાન કરાવ્યું હતું.

ભિલોડા એસ.ટી.બસ ડેપોના સ્ટેન્ડ ઈન્ચાર્જ દિપક સુથાર,એસ.ટી મજદુર સંઘ (B.M.S) હિંમતનગર વિભાગ,મહામંત્રી જગદીશ આર. પટેલ,હેડ મિકેનીક જગદીશ નિનામા,મજુર મહાજનના મહેન્દ્રસિંહ ચંપાવત સહિત એસ.ટી. ના ડ્રાઈવર,કંડકટર હાજર રહ્યા હતા.મુસાફરોમાં આનંદની લાગણી પ્રસરી હતી.

# સાબરકાંઠાના તલોદની કચેરીમાં મામલતદારની નિમણુક કરવાની માંગણી ઉઠી

તલોદ, તા. ૨૩

તલોદ મામલતદાર કચેરી હાલ મામલતદાર વિહોણી બની છે જેથી તત્કાળ મામલતદાર ની નિમણુક કરવાની માંગ ઉઠવા પામી છે. તાજેતર માં રાજ્ય સરકારે રાજ્ય ના ૧૨ મામલતદારો ની બદલી કરી હતી જે અન્વયે તલોદ મામલતદાર હિમાંશુ ચૌહાણ ની બદલી ભાવનગર ખાતે ડિઝાસ્ટર મેનેજમેન્ટ માં થવા પામી છે પરંતુ તેઓના સ્થાને તલોદ મામલતદાર તરીકે કોઈને પણ પોસ્તિંગ અપાયું નથી જેથી તલોદ મામલતદાર ની જગ્યા ખાલી પડી છે ત્યારે હાલ તો નગરપાલિકા ના ચુંટાયેલા સદસ્યો ની હોડા ની મુદત પૂરી થયેલી હોવાથી પાલિકા ના વહીવટદાર તરીકે ની જવાબદારી પણ તલોદ મામલતદાર ને સંભાળવાની છે પરંતુ અહી મામલતદાર જ નહિ હોવાથી તલોદ બજાર માં પાલિકા દ્વારા ચાલતા કામો ઠપ થઈ ગયા હોય તેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે જેથી રાજ્ય સરકાર દ્વારા તાકીદે તલોદ મામલતદાર ની નિમણુક કરિદે તે જરૂરી બાબત છે.

# પપૈયા પાકના છોડને ગરમ લૂથી બચાવવા ખેડૂતોએ છોડ પર મીની ગ્રીનહાઉસ ઊભા કર્યા





ગાંભોઈ, તા.૨૩

સાબરકાંઠા જિલ્લામાં ખેડૂતોએ બાગાયતી પપૈયા પાકનું મોટાપાયે વાવેતરનું કામ હાથ ધર્યું છે. બારમાસી મુદતની આ પપૈયા પાકના છોડનું વાવેતર માર્ચ અને એપ્રિલ માસમાં કરવામાં આવે છે. છેલ્લા એક સપ્તાહથી અસહ્ય ગરમીનું વાતાવરણ જામતાં ખેતરોમાં વાવેતર કરેલ પપૈયાના છોડને ગરમ લૂથી બચાવવા ખેડૂતો આધુનિક પ્રયોગ અપનાવી કુદરતના પ્રકોપ સામે ઝઝૂમી રહ્યા છે. હિંમતનગર તાલુકાના રૂપાલકંપાના ખેડૂત હરેશભાઈ પટેલના પંદર વીઘા ખેતરમાં રેડ લેડી તાઈવાન ૭૮૬ જાતના પપૈયાના બાગાયતી પાકનું વાવેતર કરેલ છે. ખેતરમાં પપૈયા પાકના કુમળા છોડને ગરમીના વાતાવરણ સામે ટકાવી રાખવા અને ગરમ લુ સામે રક્ષણ મેળવવા પપૈયાના છોડ પર ક્રોપ ગ્રો કવરથી ઢાંકી ગરમ લુ અને રોગ સામે રક્ષણ આપવા પ્રાયોગિક ધોરણે પ્રયત્નો હાથ ધર્યા છે. ખેડૂતના જણાવ્યા મુજબ વાવેતર કરેલ પપૈયા પાકના કુમળા છોડ પર જરૂરિયાત મુજબ હવા-પાણી અને પ્રકાશ મળી રહે તેવા ફેબ્રિક પોલીમરના રેસા માંથી બનાવેલ સૂક્ષ્મ ક્રોપ ગ્રો કવર નેટનો ઉપયોગ કરતા છોડ પર પડતી દિવસ દરમિયાન અસહ્ય ગરમી સાથેના લુના પવન સામે રક્ષણ આપે છે. તેમજ છોડને દિવસે અને રાત્રે સમયાંતરે ભેજ અને ગરમીનું તાપમાન જળવાઈ રહે છે. તથા છોડના વિકાસમાં ઝડપી વધારો થાય છે. પપૈયાના છોડનું વાવેતર માર્ચ અને એપ્રિલમાં ગરમીના દિવસોમાં કરવાનું હોય છે. જેથી અસહ્ય લૂથી છોડને બચાવવા ક્રોપ ગ્રો કવરથી ઢાંકી દેવાથી થડ પર જીવાત કે વાયરસની કોઈ અસર થતી નથી. ખાસ કરીને ઉનાળાની ઋતુ દરમિયાન વવાતા તરબૂચ, શકરટેટી, જામફળ, કેરી, બોર જેવા ફળપાકો અને કોબી, ફુલાવર, ટામેટા, ગાજર, મુળા વગેરે શાકભાજી પાકોમાં આ ક્રોપ ગ્રો કવર ખેતીક્ષેત્રે ખેડૂતો માટે આશીર્વાદ રૂપ નીવડશે.

#### ક્રોપ-ગ્રો-કવર નેટનો ખર્ચ...

એક છોડ પર એક ક્રોપ-ગ્રો-કવર નેટનો ખર્ચ રૂ.૩.૨ થાય છે. એક વિઘામાં પપૈયા પાકના કુલ ૫૦૦ છોડ રોપવામાં આવે છે. તેથી એક વિઘાનો ક્રોપ-ગ્રો-કવર નેટનો કુલ ખર્ચ રૂ.૧૬૦૦ થાય. એક પપૈયા પાકના છોડનો રૂ.૧૪ ભાવ પ્રમાણે એક વિઘા ખેતરમાં કુલ ૫૦૦ છોડના પ્લાન્ટેશન પાછળ કુલ રૂપિયા સાત હજારનો ખર્ચ થાય છે. એક વિઘામાં વાવેતર કરેલ પપૈયાના છોડ પરથી સરેરાશ ૭૦૦ થી ૮૦૦ મણ પપૈયા પાકનું ઉત્પાદન થાય છે. જેનો વર્ષ દરમ્યાન એક મણનો સરેરાશ રૂ.૧૦૦ થી રૂ.૨૦૦ ભાવ બજારમાં મળી રહે છે. ખેડૂતને એક વિઘાદીઠ સરેરાશ રૂપિયા સિત્તેર હજારથી દોઢ લાખ સુધીની આવક મળી રહે છે.

# બનાસકાંઠામાં ૪૨ ડિગ્રી ગરમી નોંધાતા લોકો રક્ષણ લેવા સ્વિમિંગ પૂલમાં ધુબાકા માર્યા



પાલનપુર તા.૨૩

બનાસકાંઠામાં છેલ્લા ત્રણ દિવસથી ગરમીનો પારો ઊંચો ગયો છે. જેના કારણે સવારથી લોકો ગરમીથી ત્રાહીમામ પોકારી ગયા છે.તેમજ બપોરના સમયે ઘરની બહાર નિકળવાનુ પણ ટાળી રહ્યા છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ શ્રી ગણપતલાલ કે. જોષી પાલનપુર નો અહેવાલ વધુમાં જણાવે છે કે, બપોરના સમયે માર્ગો સુમસામ ભાસતા જોવા મળી રહ્યા છે.ત્યારે તંત્ર દ્વારા પણ બપોરના સમયે ઘરની બહાર કામ સિવાય ન નીકળવા લોકોને અપીલ કરી છે.

ત્યારે લોકો પણ ગરમીથી રક્ષણ મળે તે માટે ઠંડા પીણા પીતા હોય છે.તેમજ બહારની ચીજ વસ્તુઓ ખાવાનું ટાળી રહ્યા છે. આ સિવાય બપોરના સમયે ગરમીથી રક્ષણ મળે તે માટે સ્વિમિંગ પૂલ,વોટરપાર્ક જેવા વિસ્તારોમાં જઈ બપોરનો સમય પાણીમાં ધુબાકા મારીને ગરમીથી રક્ષણ મેળવતા હોય છે. તે જ રીતે બનાસકાંઠામાં ગરમી નો પારો ૪૨ થી ૪૪ડિગ્રી નોંધાયો હતો. જેથી બપોરના સમયે ગરમ પવનના સુસવાટા જોવા મળ્યા હતા તેમજ લોકો ગરમીથી રક્ષણ મળે તે માટે સ્વિમિંગ પૂલમાં જઈ બપોરનો સમય પાણીમાં વિતાવ્યો હતો.અને ગરમીથી રક્ષણ મેળવ્યો હતો.તો કેટલાક લોકોએ બપોરના સમયે ઘરની બહાર ન નીકળી પોતાના ઘરમાં એસી તેમજ કુલરની ઠંડી હવા લઈ ગરમીથી રક્ષણ મેળવ્યું હતું.

#### અવસાન નોંધ



શ્રીનાથજી હવેલી અને સર્વ મંગલા માતાજી ટ્રસ્ટ ના પ્રમુખ અને નાના ચેખલા ગ્રામ પંચાયત ના સરપંચ તથા તલોદ માર્કેટ યાર્ડ ના ડિરેકટર કિરીટ કુમાર ડાહ્યાલાલ શાહ નું અવસાન થયેલ છે સદગત નુ બેસણું ગુરુવાર ના રોજ તલોદ નગર પાલિકા કોમ્યુનિટી હોલ ખાતે ૩ થી ૬ દરમ્યાન રાખવામાં આવ્યુ છે.